**રે.સી.સ્યુટ નં. ૧૫/૨૦૨૩**

**આંક– ૧૪ લગત હુકમ**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી જે જગ્યાએ હાલમાં રહે છે તે જગ્યાનું વીજ કનેકશન હાલના દાવાના પ્રતિવાદીઓએ કાપી નાખેલ છે અને જેથી પ્રતિવાદીઓએ વાદીને આપેલ ખોટા બીલ રદ કરવા તથા તથા વીજ કનેકશન જોડવા માટે વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે.

(૨) પ્રતિવાદીએ હાલની આંક – ૧૪ ની અરજી સીવીલ પ્રોસીજર કોડ ના ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળ આપવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે આંક – ૨૩ થી હાલની અરજી બાબતે લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફે આંક – ૨૪ થી હાલની અરજી બાબતે લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદીના વિદ્વાન વકીલશ્રી વાય.એમ.મહેતા તથા વાદી લાલજીભાઈ કે. પઢીયારને હાલની અરજી બાબતે વિગતવાર સાંભળવામાં આવેલ છે.

(૩) પ્રતિવાદી તરફે હાલની અરજીમાં રજુઆત છે કે, વાદીએ તેમની દાવા અરજીમાં તારીખ ૨૬/૩/૨૨ ના રૂા. ૬૮૦૩.૪૦/– ના એવરેજ બીલ સીવાય અન્ય બીલોને ચેલેન્જ કરેલ નથી તેમજ તમામ બીલની રકમ વાદીએ ભરપાઈ કરેલ ન હોય વાદીને હાલનો દાવો લાવવા કોઈ કારણ ઉપસ્થિત થયેલ ન હોય વાદીનો સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબ રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં પ્રતિવાદીના વિધ્વાન વકીલશ્રી મહેતા તરફે લેખિત તથા મૌખિક દલીલ કરી રજુઆત કરેલ છે કે, વાદીએ બીલ ની રકમ ભરેલ ન હોઈ વાદીને હાલનો દાવો કરવા કોઈ કારણ નથી અને વાદીએ હાલની ખોટી દાવા અરજી કરેલ છે અને જે માટે તેઓ નામદાર સુપ્રિમ કોર્ટના *The Church of Christ Charitable Trust & Educational Charitable Society represented by its Chairman V/s M/s Ponniamman Educational Trust by its*

*Chairperson/Managing Trustee તથા T.Arvindandam V/s T.V.Satyapal* ના ચુકાદાઓ પર આધાર રાખેલ છે.

(૪) વાદી તરફે મુખ્યત્વે રજુઆત છે કે, પ્રતિવાદીએ અગાઉની અદાવતના કારણે તેમને હેરાન કરવા સારૂ ખોટા બીલ આપી વીજ કનેકશન કાપી નાખેલ છે અને તે કનેકશન પાછુ જોડવા તેમણે હાલનો દાવો દાખલ કરેલ છે અને આ દાવો કરવા તેમને અધિકાર હોઈ પ્રતિવાદીએ હાલની ખોટી અરજી કરેલ હોઈ પ્રતિવાદીની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) હાલની અરજી તથા બંને પક્ષની રજુઆતો ધ્યાને લેતા, હાલની અરજી એ સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળ આપવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે રજુઆત કરેલ છે કે, વાદીનો દાવો કરવાનુ કોઈ કારણ ન હોઈ વાદીની દાવો રદ કરવા વિનંતી કરેલ છે. આ માટે પ્રતિવાદી જે ચુકાદા પર આધાર રાખે છે તે પૈકી નામદાર સુપ્રિમ કોર્ટ ના ચુકાદા *The Church of Christ Charitable Trust & Educational Charitable Society represented by its Chairman V/s M/s Ponniamman Educational Trust by its Chairperson/Managing Trustee* માં સ્પેસીફીક પરફોમન્સ ને લગતી દાવા અરજી હતી અને તે દાવા અરજીમાં દાવા અરજીમાં કરારની શરતોનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નહોતો કે જે દાવો કરવાનુ મુખ્ય કારણ છે તેમજ સીવીલ પ્રોસીજર કોડ ના પરીશીષ્ટ – ક ના ફોર્મ નંબર ૪૭ અને ૪૮ મુજબ કરારની તારીખ જણાવેલ નથી જેના કારણે દાવા અરજી ના મંજુર કરવામાં આવેલ છે. જયારે હાલના દાવામાં ડેકલેરેશન ને લગતી અરજી છે જેથી ઉપરોકત જણાવેલ ચુકાદાની કેસની હકીકત હાલના કેસની હકીકત કરતા અલગ છે જેથી સદર ચુકાદો હાલના દાવાની અરજીને લાગુ પાડી શકાય નહી. વધુમાં પ્રતિવાદી તરફે *T.Arvindandam V/s T.V.Satyapal* ના ચુકાદા પર આધાર રાખેલ છે પરંતુ સદર ચુકાદામાં

જણાવ્યા મુજબ હાલની દાવા અરજી ને સમજણપુર્વક વંચાણે લેતા, દાવા અરજી ગુણદોષ વગરની અને ત્રાસદાયક હોય અને કોઈપણ કારણવિનાની કરેલ હોય, તેવુ જણાઈ આવતુ નથી. જેથી ઉપરોકત ચુકાદા માં જણાવેલ સિધ્ધાંત હાલની દાવા અરજીને લાગુ પાડી શકાય તેમ નથી.

(૬) આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટે *R/First Appeal NO. 1774 of 2020, Bardoli Shreerang Exhibitors Private Limited Versus Maheshbhai Babubhai Hirpara* ના કેસમાં આપેલ ચુકાદાના પેરા – ૪૧ ધ્યાને લેતા જે નીચે મુજબ છે.

> *41. We also take notice of the fact that the plaint has also been rejected on the ground that the plaintiff has no cause of action to file the suit. There appears to be a serious misconception of law in the mind of the courts below that once the suit is found to be time-barred, the cause of action automatically becomes illusive. In many orders which came up before us in appeals such line of reasoning could be noticed. In the case on hand, on a fair reading of the application Exh.142 filed by the defendants under Order 7, Rule 11 CPC, it is clear that the case of the defendants is that the plaintiff has no cause of action to file the suit. It is not specifically pleaded by the defendants that the plaint does not disclose any cause of action. The court below has also not recorded any specific finding to this effect. From the discussion in the order, it appears that the court below has failed to maintain the fine distinction between the plea that there was no cause of action for the suit*

*and the plea that the plaint does not disclose a cause of action. No specific reason or ground has been stated in the impugned order in support of the finding that the plaint is to be rejected under Order 7, Rule 11(a) CPC. From the averments in the plaint, it is clear that the plaintiff has pleaded a cause of action for filing the suit seeking the reliefs stated in it. That is not to say that the plaintiff has a cause of action to file the suit for the reliefs sought for. That question is to be determined on the basis of the materials (other than the plaint) which may be produced by the parties at an appropriate stage in the suit. For the limited purpose of determining the question whether the plaint is to be rejected under Order 7, Rule 11(a) CPC or not, the averments in the plaint are only to be looked into.*

આમ, ઉપરોક્ત પેરા ધ્યાને લેતા, વાદીએ જે દાવા અરજી રજુ કરેલ છે તે વંચાણે લેતા, વાદીએ પોતાની દાવા અરજીના પેરા ૧૦ માં જણાવેલ છે કે વાદીની ફરીયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ધ્વારા એકતરફી હુકમ કરી કાઢી નાખવામાં આવેલ અને સીવીલ રાહે દાદ મેળવવા આદેશ કરેલ જેથી હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

વધુમાં પેરા ૧૧ માં જણાવેલ છે કે, પ્રતિવાદીએ બળજબરીથી વીજ કનેકશન કાપી નાખેલ છે અને ત્યારબાદ જવાબદાર અધિકારી તરફથી તેઓને ન્યાય મળેલ નથી જેથી નામદાર કોર્ટમાં આ દાવો લાવવાનુ કારણ બનેલ છે.

આમ, વાદીએ પોતાની દાવા અરજીમાં દાવાનુ કારણ જાહેર કરેલ છે અને તે કારણ યોગ્ય છે કે નહી અને તેના આધારે વાદીને દાદ મળી શકે તેમ છે કે નહી તે હાલના તબક્કે સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબની અરજીના નિર્ણય વખતે નક્કી કરી શકાય નહી હાલમાં માત્ર દાવા અરજીમાં દાવો દાખલ કરવાનુ કારણ જાહેર કરવામાં આવેલ છે કે કેમ તે જ નક્કી કરવાનુ રહે છે અને વાદીએ પોતાની દાવા અરજીમાં દાવો દાખલ કરવાનુ કારણ જાહેર કરેલ છે જેથી પ્રતિવાદીની હાલની અરજી ટકવાપાત્ર નથી.

(૭) આમ, ઉપરોક્ત જણાવ્યા મુજબ વાદીએ પોતાની દાવા અરજી માં દાવાનુ કારણ સ્પષ્ટ પણે જણાવેલ છે. જેથી વાદીની હાલની દાવા અરજી સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબ નામંજુર કરવાનું કોઈ કારણ જણાતું ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

(૧) પ્રતિવાદીની આંક – ૧૪ થી રજુ કરેલ સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ હેઠળ કરેલ અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ઉપરોકત હુકમ આજ રોજ તા. ૨૬ જુન, સને ૨૦૨૩ ના ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૬–૦૬–૨૦૨૩.
ધ્રોલ.

**(મિલાપ એ. કોટડીયા)**
કોડ નં. – જીજે ૦૧૬૩૪
પ્રીન્સીપાલ સીવીલ જજ,
ધ્રોલ.